અપીલ અરજી નં.૨૨૨ તા.૨૧–૧૦–૦૯/૧૦

અરજદારઃ– શ્રી દિપક પટેલ

સામાવાળાઃ– શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિપક પટેલની તા.૧૯–૯–૦૯ની અરજીથી ન.પ્રા.શિ.સ ના તા.૧૨–૨–૦૭ ના રોજ ફરજ બજાવતાં નિરીક્ષકો તથા આચાર્યો બાબતેની વિગતો તથા સને ૨૦૦૭ થી ૨૦૦૯–૧૦ દરમ્યાન શિક્ષકોની ભરતી બાબતેની વિગતોની માહિતી મુદ્દા નં.૨ (એ) થી ૨ (કે) સુધીની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજુકરની તા.૨૧–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૨૨/૨૦૦૯–૧૦

શ્રી દિપક પટેલની તા.૧૯–૯–૦૯ની અરજીથી ન.પ્રા.શિ.સ ના તા.૧૨–૨–૦૭ ના રોજ ફરજ બજાવતાં નિરીક્ષકો તથા આચાર્યો બાબતેની વિગતો તથા સને ૨૦૦૭ થી ૨૦૦૯–૧૦ દરમ્યાન શિક્ષકોની ભરતી બાબતેની વિગતોની માહિતી મુદ્દા નં.૨ (એ) થી ૨ (કે) સુધીની માહિતી આપવા બાબતે માહિતીનો ઈન્કાર કરેલ નથી કે માહિતી આપી નથી તેવું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૦૯ તા.૨૮–૧૦–૦૯ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ) તથા અરજદારને ફી ભર્યાની વિગતો આપેલ ફી સહિતની અરજી અથવા તો રસીદની વિગત રજૂ કરવા જણાવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તા.૧૩–૧૧–૦૯ ના પત્રથી રસીદ નં.૩૬૪૫ તા.૨૧–૧૦–૦૯ થી અરજી ફી ભરી છે તેવું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર ક્રમાંક ૧૨૩ તા.૩૦–૧૦–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં માહિતી મેળવવા અંગે અરજદારને પાઠવેલ જાવક નં.૧૧૫ તા.૨૬–૧૦–૦૯ ના પત્રની નકલ તથા તે યુપીસી કર્યા અંગેના પુરાવાની નકલની અત્રેના વિભાગને પૂરક માહિતીમાં મળેલ છે.

અરજદારની તા.૧૯–૯–૦૯ ની અરજીથી મુદ્દા નં.૨ (એ) તા.૧૨–૨–૦૭ ના રોજ ફરજ બજાવતાં નિરીક્ષકોના નામ, નિરીક્ષકદીઠ બીટમાં આવતી મા.ખા.પ્રા. શાળાઓના નામ સરનામાની માહિતી ૨(બી) તા.૧૨–૨–૦૭ ના પત્ર નં.૭૭૭૩ થી તમામ નિરીક્ષકોને તેમની બીટમાં આવતી તમામ ખા.મા.પ્રા. શાળાઓની સ્થળ તપાસ કરી પ્રાથમિક વિભાગમાં શિક્ષકોની સેવાપોથી નિભાવવા બાબત અને મા.ખા.પ્રા. શાળામાં શિક્ષકોની ભરતી અંગેનો લેખિત રીપોર્ટ ૫ દિવસમાં જમાં કરવા જણાવેલ. જમા કરાવેલ રીપોર્ટની પ્રમાણિત નકલ મુદ્દા નં.૨ (સી) સદર બાબતે સૂચનાનું પાલન ન કર્યુ હોય તેવા નિરીક્ષકો સામે કરેલી કાર્યવાહીની માહિતી. મુદ્દા નં.૨ (ડી) તા.૧૨–૨–૦૭ ના પરિપત્ર ન ક્રમાંક ૧૪૫ થી મા.ખા.પ્રા. શાળાના આચાર્યોની નિમણૂકં કયારે થઈ? આચાર્યનું નામ આચાર્યની નિમણૂંક તારીખ, લાયકાત તથા પીએફ નંબર અને પગારની રકમ વિશેની માહિતી ગાંધીનગર મોકલાવેલ હતી તે એકત્ર કરેલ તમામ માહિતી. મુદ્દા નં.૨ (ઈ) સદર બાબતે અમલ ન કર્યો હોય તે તમામ શાળાના નામ સરનામાંની માહિતી અને તેમની સામે નોટીસ અથવા દરખાસ્ત કરેલી કાર્યવાહીની માહિતી મુદ્દા નં.૨ (એફ) સદર પરિપત્ર સંદર્ભે એકત્ર કરેલી માહિતી ગાંધીનગર મોકલી હોય તે તારીખ, માહિતી મોકલ્યા સબંધી લખેલ પત્ર નંબર અને પત્રની માહિતી. મુદ્દા નં.૨ (જી) તા.૧૩–૩–૦૭ પરિપત્ર ક્રમાંક ૧૫૫ ન.પ્રા.શિ.સ તા.૨૯–૩–૦૭ પત્ર નં.૯૧૨૮ અને તા.૨૩–૪–૦૭ પરીપત્ર ક્રમાંક ૭ માં જણાવેલ વિગત મુજબ સુરત શહેરની મા.ખા.પ્રા. શાળાઓમાંથી પ્રા.શિક્ષણના નિયમો ૧૯૪૯ ના નિયમ૧૦૬(૨) અને ૧૧૧–૨ (ગ) મુજબ શિક્ષકની નિમણૂંક કરવાની જવાબદારી, એન.ઓ.સી આપવાની જવાબદારી, ઈન્ટરવ્યુ આપવાની, ઈન્ટરવ્યુમાં પ્રતિનિધિ હાજર રહે તેની વ્યવસ્થા કરવાની જવાબદારી, ન.પ્રા.શિ.સ ના શાસનાધિકારીની છે. વર્ષ ૨૦૦૭–૦૮ થી ૨૦૦૯–૧૦ દરમ્યાન શિક્ષણ વિભાગ ગુજરાત સરકારશ્રીની સૂચનાઓનું પાલન કરાવવા ગેરકાયદેસર થતી ભરતી અટકાવવા અને લાયકાત વિગેરેના શિક્ષકોથી અપાતું શિક્ષણ રોકવા કચેરી ધ્વારા કરેલ કાર્યવાહીની માહિતી. મુદ્દા નં.૨ (એચ) આપની કચેરીની સીધેસીધી દેખરેખ હેઠળ વર્ષ ૨૦૦૭–૦૮ થી ૨૦૦૯–૧૦ સુધી કેટલા શિક્ષકોની ભરતી કરાવવામાં આવી તેની માહિતી. મુદ્દા નં.૨ (આઈ) સદર વર્ષ દરમ્યાન જે શાળાઓએ/સંચાલકોએ શીડયુલ એફની જોગવાઈનું ઉલ્લંઘન કરી મનસ્વી રીતે શિક્ષકોની ભરતી કરી હોય તેવી શાળાના નામ સરનામા અને આવી શાળાઓ સામે ઉપરી કચેરીને કરેલી નિયમોનુસારની ભલામણ અંગેના પત્રોની માહિતી. મુદ્દા નં.૨(જે) તા.૨૯–૩–૦૭ પત્ર નં.૯૧૨૮ સુરત શહેરની કેટલી મા.ખા.પ્રા. શાળાને અથવા શાળાના આચાર્યને કે સંચાલકને પાઠવ્યો તે અંગેની શાળાઓની સંખ્યાની માહિતી. મુદ્દા નં.૨ (કે) સદર સૂચના બાદ કેટલી શાળાઓએ શિક્ષકની ભરતી સબંધી એન.ઓ.સી મેળવી હોય એવી શાળાઓની નામજોગ માહિતી. આમ અરજદારે મુદ્દા નં.૨ (એ) થી ૨ (કે) સુધી માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૨૧–૧૦–૦૯ ના રોજ આરટીઆઈની તમામ જોગવાઈનો ભંગ, માહિતીનો ચાર્જ જણાવ્યો નથી, માહિતી નકારી નથી, કોઈ પ્રત્યુત્તર પાઠવ્યો નથી અને કોઈ માહિતી આપી નથી તથા આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે માહિતી આપવાની દાદ માંગવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને ન.પ્રા.શિ.સ./ જાવક નં.૧૧૫ તા.૨૬–૧૦–૦૯ થી નમુના 'ગ' માં પાના નંગ ૭૫ ના પ્રતિ નકલ ૨ લેખે રૂા.૧૫૦/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ છે. આમ અરજદારને સદર પત્ર જાહેર માહિતી અધિકારી તરફથી સમય મર્યાદા બાદ પાઠવવામાં આવેલ છે તેમ છતાં જાહેર માહિતી

અધિકારીએ અરજદાર પાસે દસ્તાવેજ ફી ભરપાઈ કરવાનો આગ્રહ રાખેલ છે. જે આરટીઆઈનાકાયદા સાથે સુસંગત નથી. તેમજ નમુના 'ઘ' માં ખાનગી માન્ય પ્રાથમિક શાળાની માહિતી સદર ક્રમાંક નંબરથી પાઠવેલ પત્ર અરજદારે રસીદ નં. ૩૬૪૫ તા.૨૯–૧૦–૦૯ થી રૂા.૧૫૦/– ભરેલ છે તેવા રીમાર્કસ સાથેની નકલ અત્રે રજૂ કરેલ છે. જે જાહેર માહિતી અધિકારીએ પૂરક માહિતીના પત્રમાં તા.૨૯–૧૦–૦૯ ના રોજ આપવામાં આવેલ છે તેવું જણાવેલ છે તેમજ તે અગાઉ ટેલીફોન ધ્વારા પણ માહિતી લઈ જવા જાણ કરેલી હતી પરંતુ તે કઈ તારીખ કરેલ તે જણાવેલ નથી . જાહેર માહિતી અધિકારીએ માહિતી આપવાનો ચાર્જ જણાવી પત્ર વિલંબથી પાઠવેલ છે. અરજદારે માહિતી મેળવ્યા પછી અપીલ તબકકા દરમ્યાન અરજદારે અરજી બાબતે ફી ભર્યા અંગે તા.૧૩–૧૧–૦૯ ના પત્રમાં રસીદ નં.૩૬૪૫ થી ફી ભરેલ છે તેવું જણાવેલ છે અને આરટીઆઈ કાયદાનો ભંગ થયેલ છે તેવી રજૂઆત કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને અરજદારને પત્ર નં.આરટીઆઈ સેલ/૯૬૦ તા.૩–૧૨–૦૯ ના પત્રથી તા.૯–૧૨–૦૯ ના રોજ ૪.૦૦ કલાકે સુનાવણી માટે હાજર રહેવા પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદાર પોતે હાજર રહી મુદ્દા નં.૨–એ માં તા.૧૨–૨–૦૭ ના રોજ ન.પ્રા.શિ.સ. સુરતમાં કયા કયા કોણ નિરીક્ષકો ફરજ બજાવતાં હતાં તેની માહિતી આપી નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧–૩–૦૯ ના રોજ ઓર્ડરની માહિતી પૂરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. મુદ્દાનં. ૨–બી તા.૧૨–૨–૦૭ ના પત્ર નં.૭૭૭૩ ના આદેશ મુજબ નિરીક્ષકોએ કચેરીમાં જમાં કરાવેલ રીપોર્ટની પ્રમાણિત માહિતી આપી નથી. જાહેર માહિતી અધિકારી તરફથી નકલ આપવામાં આવેલ નથી. મુદ્દા નં.૨–સી. તા.૧૨–૨–૦૭ ની શાસનાધિકારીશ્રીની સૂચનાનું સમિતિના નિરીક્ષકોએ પાલન ન કર્યુ હોય તો નિરીક્ષકો સામે કરેલી કાર્યવાહીની માહિતી. જે અં ગે જાહેર માહિતી અધિકારી તરફથી જવાબ પાઠવેલ હોવાનું જણાય છે. મુદ્દા નં.૨–બી માહિતી કચેરીના દફતરે ઉપલબ્ધ છે તેમ છતાં આપવામાં આવી નથી. જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડેલ હોવાનું જણાવેલ. મુદ્દા નં.૨–ઈ તા.૧૨–૨–૦૭ ના પરિપત્ર ક્રમાંક ૧૪૫ ની સૂચનાનો અમલ ન કર્યુ હોય તેવી ૨૧૫ મા.ખા.પ્રા.શાળાના નામ સરનામાં જણાવ્યા છે. સૂચનાની અવગણના કરનાર શાળાઓ સામે કરેલી કાર્યવાહીની માહિતી, નોટીસ, દરખાસ્ત વિગેરે માહિતી. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડેલ નથી. મુદ્દા નં.૨–એફ તા.૧૨–૨–૦૭ ના પરિપત્ર નં.૧૪૫ થી એકત્ર કરેલ માહિતી ગાંધીનગર કઈ તારીખે, કયા પત્રથી, કયા નંબરના પત્રથી મોકલી તેની માહિતી. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી કરેલ કાર્યવાહીની માહિતી પૂરી પાડેલ નથી. મુદ્દા ૨–જી. વર્ષ ૨૦૦૭–૦૮,૦૮–૦૯ અને ૦૯–૧૦ દરમ્યાન( ન.પ્રા.શિ.સ. સુરતના તા.૧૩–૩–૦૭ પરિપત્ર નં.૧૫૫ તા.૨૯–૩–૦૭ , પરિપત્ર નં.૯૧ ૨૮ તથા તા.૨૩–૪–૦૭ પરિપત્ર નં.૭ ) મુજબ શિક્ષકોની ભરતી સબંધી કચેરી ધ્વારા કરેલી કાર્યવાહીની માહિતી. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડેલ હોવાનું જણાય છે. મુદ્દા નં.૨–એચ. વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૦ માં ન.પ્રા.શિ.સ. ની સીધી દેખરેખ હેઠળ કેટલા શિક્ષકોની ભરતી કરવા કરાવવામાં આવી તેની માહિતી. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડેલ હોવાનું જણાય છે. મુદ્દા નં.૨–આઈ ૨૦૦૭ થી ૨૦૧૦ દરમ્યાન શીડયુલ એફની શરતોના ભંગ અને શિક્ષકોની મનસ્વી ભરતી સબંધી માહિતી આપી નથી. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડેલ હોવાનું જણાય છે.મુદ્દા નં.૨–જે. તા.૨૯–૩–૦૭ પત્ર નં.૯૧૨૮ નો પત્ર કેટલી શાળાઓના આચાર્યને સંચાલકને પાઠવ્યો તે શાળાઓની સંખ્યાની માહિતી આપી નથી. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડેલ હોવાનું જણાય છે.મુદ્દા નં.૨–કે તા.૨૯–૩–૦૭ પત્ર નં.૯૧૨૮ ની સૂચના બાદ શિક્ષકોની (એન.ઓ.સી.) ભરતી સબંધી માહિતી આપી નથી. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડેલ હોવાનું જણાય છે. સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારી ધ્વારા બાકી માહિતી ઈન્સ્પેકશન પુરું પાડી અરજદારને આપવા તૈયારી દર્શાવેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી બાકી માહિતી અંગે ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે ઉપલબ્ધ દફતરનું ઈન્સ્પેકશન પુરું પાડી આરટીઆઈની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અરજદારને અત્રેની જાણ હેઠળ માહિતી પૂરી પાડવા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી અને પ્રા.શિ.સ. ને જણાવવામાં આવે છે.

***નં.આરટીઆઈસેલ/***
***તારીખ : –૧૨ –૦૯***

***ડે.કમિશ્નર(જનરલ)***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***
(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)... જાણ તથા અમલ માટે
(૨) શ્રી દિપક પટેલ,